| | | | |
|---|---|---|---|
| રજુ કર્યાતારીખ : | ૦૬/૧૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ : | ૦૬/૧૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ : | ૦૯/૦૪/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૪ | ૦૦ |

મોડાસાના મહે. નામદાર એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. એસ. આર. શર્મા સાહેબશ્રીની કોર્ટમાં,મું. મોડાસા.જીલ્લો : અરવલ્લી.

**ફોજદારી પર.અરજ નં.૭૬૭/ ૨૦૨૫**
**આંક–**

**અરજદાર:–** શેખ મોદમંદ અનિશ મોહમંદ રફીક,
ઉ.વ. આ.૩૮, ધંધો– પ્રાઈવેટ નોકરી ,
ધર્મે:મુસલમાન રહે.ટીટોઈ , મોડાસા,
તા.મોડાસા, જી.અરવલ્લી.
હાલ રહે.સી.૪૦૨, અજવદ રેસીડેન્સી ૧૦૦ ફીટ
રોડ સરખેજ પો.જુહાપુરા અમદાવાદ

––– વિરૂધ્ધ –––

**સામાવાળાઓ:–** ૧. પ્રિન્સીપાલ મખદુમ હાઈસ્કુલ મોડાસા,
મુ.મોડાસા તા.મોડાસા ,જી.અરવલ્લી.
૨. જિલ્લા શિક્ષણ અધિકારી સાહેબશ્રી અરવલ્લી
જિલ્લા ,
મુ.પો.તા.મોડાસા જી.અરવલ્લી.

બાબત:– ગુજરાત સેકન્ડરી એજયુકેશન એકટ ૧૯૭૨ ના કલોઝ–૬ ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન્સ રૂલ્સ–૧૯૭૪ ના રૂલ–૧,૨(એ) મુજબ એલ.સી.માં નામમાં સુધારો કરવા બાબત.

.....................................................................

અરજદાર પક્ષે વિ.વકીલ શ્રી બી.કે.પટેલ
સામાવાળા પક્ષે – જાતે

.....................................................................

**–: ચુકાદો :–**

**(૧)** અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને મોડાસા તાલુકાના ટીટોઈ ગામના વતની છીએ ટીટોઈ ગામમાં મુળ વસવાટ ધરાવીએ છીએ હાલ અમદાવાદ મુકામે નોકરી કરી પરિવારનુ ગુજરાન કરીએ છીએ મારા પિતા અને માતા ટીટોઈ મુકામે પૈતૃકત ઘરમાં રહે છે વર્ષો અગાઉથી ટીટોઈ ગામમાં સ્થાઈ વસવાટ ધરાવીએ છીએ અભ્યાસ પણ ટીટોઈ ગામમા અને મોડાસા મુકામે મખદુમ હાઈસ્કુલમા થયેલો છે અને આ અરજી આપ સાહેબની સાંભળવાની સતા રહેલ હોઈ આપ સાહેબની કોર્ટમાં અરજી કરેલ છે અરજદારને જન્મ તારીખ:૮/૧૧/૧૯૮૭ ના રોજ થયેલ છે અરજદાર ભણવા લાયક થતા પિતાને ભણવા માટે ટીટોઈ ગુજરાતી શાળા નં.૩ મા મુકેલા જયાં ધોરણ ૧ થી ૪ સુધી અભ્યાસ કરેલ અને ત્યારબાદ ધોરણ ૫ થી ૭ સુધી શ્રી.પી.એમ. કોઠારી હાઈસ્કુલ ટીટોઈ મા અભ્યાસ કરેલ ત્યારબાદ

ધોરણ ૮ થી ૧૦ ધી એમ.આર.ટી.સી.ઘાંચી હાઈસ્કુલ ટીટોઈમા અભ્યાસ કરેલ અને ત્યારબાદ ધોરણ.૧૧ અને ૧ ૨ ધી મખ્દુમ હાઈસ્કુલ મોડાસાથી અભ્યાસ કરેલ અને શાળાનો અભ્યાસ પુરો થતા આ કામના સામાવાળા નં.૧ નાઓએ અમોને શાળા છોડાનો દાખલો યાને કે લીવીગ સર્ટીફીકેટ આપેલ છે આ કામના સામાવાળા નં.૧ નાઓએ આપેલ લીવીગ સર્ટીફીકેટ કોલમ નં.૧ (એક) જે પુરુ નામ દર્શાવે છે તેમા નામ SHAIKH MO.ANISH M.RAFIK એવુ લખેલ છે હકીકતમા નામ '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK એમ લખાય છે.આ કામેના સામાવાળા નં.૧ ને આપેલ લીવીગ સર્ટીફીકેટમા શરત ચુકથી નામ SHAIKH MO. ANISH M.RAFIK લખાઈ ગયેલ છે.આ કામના સામાવાળા નં.૧ નાઓએ આપેલ લીવીગ સર્ટીફીકેટ કોલમ નં.૨ (બે) જે રીલીજીયન અને સબકાસ્ટ દર્શાવે છે તેમા '' MUSALMAN GHANCHI ' એવુ લખેલ છે હકીકતમાં '' MUSALMAN GHANCHI '' નથી પરતુ MUSALMAN SIPAI છીએ અહી કોલમ નં.૨ (બે) શરતચુકથી MUSALMAN GHANCHI લખાઈ ગયેલ છે શાળા છોડયા અંગેના દાખલામા કોલમ નં.૧ અને ૨ શરતચુકથી ભુલ થયેલ છે જો આ ભુલો સુધારવામા ના આવે તો અમોને પારાવાર નુકશાન થાય તેમ છે લીવીગ સર્ટીફીકેટ મુજબ અમો MUSALMAN GHANCHI છીએ પરંતુ હકીકત અમો MUSALMAN SIPAI જ્ઞાતિના છીએ અને નામ શરતચુકથી SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK ની જગ્યાએ SHAIKH MO.ANISH M.RAFIK લખાઈ ગયેલ છે બીજા બધા ડોકયુમેન્ટ જેવા કે આધાર કાર્ડ,પાસપોર્ટ,ચુટણી કાર્ડ,પાનકાર્ડ વગેરેમા મારુ નામ SHAIKH

MOHAMMAD ANISH MOHAMMAD RAFIK જે સાચુ નામ છે. ખોટી લખેલ છે અને સાચી અને મારુ ખોટુ SHAIKH MO.ANISH M.RAFIK તેવું જણાવી, સામાવાળા નં.૪ ની સ્કુલના અધિકારીઓને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ માં તે મુજબ સુધારો કરી આપવા રજુઆત કરી વિનંતી કરેલ, પરંતુ તેઓએ જણાવેલ કે, સદર વિદ્યાર્થીએ સ્કુલ છોડી દીધેલ છે, જેથી મોડાસા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટના હુકમ સિવાય સ્કુલના એલ.સી.રેકર્ડમાં કે જનરલ રજીસ્ટરમાં કોઈપણ પ્રકારનો સુધારો વધારો કરવાનો અધિકાર સ્કુલ સત્તાવાળા ઓને નથી. વધુમાં અરજદાર શેખ મોહમંદ અનિશા મોહંમદ રફીક ને ભવિષ્યમાં સરકારી નોકરી મેળવવા કે વધુ અભ્યાસના પ્રસંગે પાસપોર્ટ તથા વીઝા કઢાવવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેમ છે, જેથી સ્કુલમા નોંધ થયા મુજબ નામ પ્રમાણપત્ર પ્રમાણે લીવીંગ સર્ટી.માં સુધારો કરવામાં આવે તો પારાવાર મુશ્કેલીઓ ઉપસ્થિત થાય તેમ છે. જેથી, અરજદાર શેખ મોહમંદ અનિશા મોહંમદ રફીક ને સામાવાળા નં.૪ નાએ ઈશ્યુ કરેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં કોલમ નં.૪ માં નામમાં મુજબ જનરલ રજીસ્ટરમાં શરતચૂકથી નોંધાયા મુજબ સ્કુલ લીવીંગ સર્ટી. ઈસ્યુ કરેલ છે, જે નામમાંની નોંધ ખોટી રીતે થયેલ હોઈ, તેમાં સુધારો કરી જન્મ પ્રમાણપત્ર મુજબ નામ શેખ મોહમંદ અનિશા મોહંમદ રફીક મુજબનો સુધારો કરી અરજદાર પોતે શેખ મોહમંદ અનિશા મોહંમદ રફીક ના નામનું નિયમ નમુનામાં સુધારેલું નવું લીવીંગ સર્ટીફીકેટ વિના મુલ્યે કાઢી આપે તેવો હુકમ કરવા હાલની અરજ ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એકટ ૧૯૭૨ ના કલોઝ–૬ તથા ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન્સ –૧૯૭૪ ના રૂલ–૧,૨(એ) મુજબ દાખલ કરેલ છે.

(૨) આ કામનાં સામાવાળાઓને અરજી સબબ નોટિસ કરતાં, સામાવાળાને નોટીસ ધારાસર બજી ગયેલ છે. ત્યારબાદ, સામાવાળા નં.૬ તી ૯ નાઓ હાજર થયેલ છે અને સામાવાળા નં.૨ તર્ફે આંક–૯ થી સોગંદઉપર સરતપાસનું સોગંદનામુ તથા આંક–૭ થી નોંધ ની સહીસિકકાવાળી નકલ, આંક–૦૮ થી જન્મના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરેલ છે,

(૩) આ કામમાં અરજદાર પક્ષ તરફથી નીચે મુજબનાં પુરાવાઓ રજુ થયેલ છે.

<u>અરજદાર પક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો</u> :

(૧) આંક–૦૪ અરજદાર– શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીકની સોગંદ ઉપર સરતપાસ

(૨) આંક–૨૨ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની દૈનિક પેપરની પ્રત

(૩) આંક–૨૩ પુરાવો બંધ કર્યાનું કલોઝીંગ પુરસીસ

ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ અરજદાર તરફે રજુ થયેલ નથી.

(૪) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.કે.પટેલ તેમની આંક–૦૬ થી ૦૯ રજુ લેખીત દલીલોમાં અરજીની હકીકતો વર્ણવી, નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે અને જણાવેલ છે કે આ કામે સામાવાળાઓએ કોઈ વાંધો લીધેલ નથી તેમજ જાહેર નોટીસ અન્વયે પણ કોઈપણ વ્યકિતના વાંધા આવેલ નથી, જેથી સામાવાળા નં.૪ નાએ ઈસ્યુ કરેલ અરજદાર નામમાં '' SHAIKH MO.ANISH M.RAFIK '' ના બદલે સાચી અને ખરુ નામ '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK '' તથા

અરજદાર: લીવીગસર્ટી MUSALMAN GHANCH લખાયેલ છે એની જગ્યાએ '' MUSALMAN SIPAI '' મુજબ સુધારો કરી નિયત નમુનામાં ફ્રેશ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ વિના મુલ્યે કાઢી આપવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

૧. મીસરીખાન દીલાવરખાન પઠાણ –વિ.–ગુજ.સરકાર, સ્પે.સી.એ.નં.૧૨૩૮૬/૨૦૦૭,જી.જે.એચ.૨૦૦૮–૨–૨૧૧(ગુજ.હાઈકોર્ટ)

૨. નીતીનભાઈ હિંમતભાઈ પટેલ –વિ.–ડીસ્ટ્રીકટ એજયુકેશન ઓફીસર, જી.જે.એચ.૨૦૧૩–૧–૧૩૫

૩. મોડાસાના મે.એડી.જયુડી.મેજી.ફ.ક.શ્રીએ કરેલ ફો.પ.અ.નં.૨૬/૨૦૨૧ ના હુકમની નકલ

આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદારનુ સાચુ નામ '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK ''તથા અરજદાર: લીવીગસર્ટી MUSALMAN GHANCH લખાયેલ છે એની જગ્યાએ '' MUSALMAN SIPAI '' મુજબ સુધારો કરવા હુકમ કરવા પાત્ર છે.

**(૫)** આ કામનાં અરજદારની અરજી, સામાવાળાનાં જવાબ, બંને પક્ષકારોનાં મૌખિક પુરાવાઓ તેમજ બંને પક્ષોની દલીલો ધ્યાને લેતાં, આ અરજીનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદાઓ</u> :–**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેમની '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK '' છે ?
૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ માંગણી મુજબની દાદ મેળવવા હકકદાર છે ?
૩. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. મુદા નં.૧ : હકારાત્મક,

૨. મુદા નં.૨ : હકારાત્મક,

૩. મુદ્દા નં.૩ : આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયોનાં કારણોની ચર્ચા નીચે મુજબ છે.

**-: <u>કા ર ણો</u> :-**

**<u>મુદ્દા નં.૧ થી ૨.</u>**

(૮) આ કામે મુદ્દા નં.૧ થી ૨ એકબીજા સાથે સંકળાયેલા હોય, બંને મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૯) આ કામે અરજદારે તેની અરજીનાં સમર્થનમાં રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં, અરજદારે તેની આંક-૦૪ ની સોગંદ ઉપરની સરતપાસની જુબાનીમાં મુખ્યત્વે તેમની અરજીને સમર્થનકારી હકીકતો જણાવેલ છે . જેમાં અરજદારે જણાવેલ છે કે, અરજદારના જન્મ નોંધણી પ્રમાણપત્રમાં, આધાર કાર્ડમાં તથા પાનકાર્ડમાં પણ તેના સાચુ નામ '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK '' નોંધાયેલ છે પરંતુ અરજદારનુ ''SHAIKH MO.ANISH M.RAFIK '' ને સામાવાળા નં .૮ ની સ્કુલમાંથી આપવામાં આવેલ લીવીંગ સર્ટીફીકેટમાં અ.નં. ૭ થી નામમાં SHAIKH MO.ANISH M.RAFIKલખેલ છે, જે નામમાં ખોટુ લખેલ છે અને સાચુ અને ખરુ નામા '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK '' તથા અરજદાર: લીવીગસર્ટી MUSALMAN GHANCH લખાયેલ છે એની જગ્યાએ '' MUSALMAN SIPAI '' છે તેવું જણાવી, સામાવાળા નં. ૪ ની સ્કુલના અધિકારીઓને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તે મુજબ સુધારો કરી આપવા રજુઆત કરી વિનંતી કરેલ, પરંતુ તેઓએ જણાવેલ

કે, સદર વિદ્યાર્થીએ સ્કુલ છોડી દીધેલ છે, જેથી મોડાસા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટના હુકમ સિવાય સ્કુલના એલ.સી.રેકર્ડમાં કે જનરલ રજીસ્ટરમાં કોઈપણ પ્રકારનો સુધારો વધારો કરવાનો અધિકાર સ્કુલ સત્તાવાળાઓને નથી. વધુમાં અરજદાર ને વિષ્યમાં સરકારી નોકરી મેળવવા કે વધુ અભ્યાસના પ્રસંગે પાસપોર્ટ તથા વીઝા કઢાવવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેમ છે, જેથી સ્કુલમાં નોંધ થયા મુજબ જન્મ પ્રમાણપત્ર પ્રમાણે લીવીંગ સર્ટી.માં સુધારો કરવામાં આવે તો પારાવાર મુશ્કેલીઓ ઉપસ્થિત થાય તેમ છે. જેથી, અરજદારનુ શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીક ને સામાવાળા નં.૪ નાએ ઈશ્યુ કરેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં કોલમ નં.૭ માં નામમા SHAIKH MO.ANISH M.RAFIK મુજબ જનરલ રજીસ્ટરમાં શરતચૂકથી નોંધાયા મુજબ સ્કુલ લીવીંગ સર્ટી. ઈસ્યુ કરેલ છે, જે નામમાં નોંધ ખોટી રીતે થયેલ હોઈ, તેમાં સુધારો કરી જન્મ પ્રમાણપત્ર મુજબ નામમાં નામ '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK '' તથા અરજદાર: લીવીગસર્ટી MUSALMAN GHANCH લખાયેલ છે એની જગ્યાએ '' MUSALMAN SIPAI '' મુજબનો સુધારો કરી અરજદારના નામનું નિયમ નમુનામાં સુધારેલું નવું લીવીંગ સર્ટીફીકેટ વિના મુલ્યે કાઢી આપે તેવો હુકમ કરવા હાલની અરજ કરેલ છે.જે અંગે અરજદાર તરફે આંક-૧૫ થી અરજદારનુ શેખ મોહમંદ અનિશ મોહંમદ રફીક ના સ્કુલ લીવીંગ સર્ટી.ની ખરી નકલ તથા આંક- ૧૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનુ પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ -પ્રમાણપત્રની ખરી નકલ રજુ કરેલ છે. આમ, અરજદારનાં નામમા દાખલા તથા સ્કુલ લીવીંગ સર્ટી. માં અલગ અલગ નામ દર્શાવેલી છે. પરંતુ, અરજદારનાં મૌખિક પુરાવાની હકીકતો તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત સર્ટી

એ ઈસ્યુ કરેલ જન્મના પ્રમાણપત્રની ખરી નકલ ધ્યાને લેતાં, અરજદારનુ શેખ મો.અનિશ એમ.રફીક સાચુ નામ શેદ મો.અનિશ મો.રફીક તથા અરજદાર: લીવીગસર્ટી MUSALMAN GHANCH લખાયેલ છે એની જગ્યાએ '' MUSALMAN SIPAI '' છે. જે આંક– ૧૬ થી અરજદારનુ પોતાનુ જન્મ પ્રમાણપત્ર ની ખરી નકલમાં જણાવેલ છે. આમ, ટીટોઈ ત.ક.મંત્રી નાં જન્મ નોંધણીનાં ઉતારામાં તથા અરજદારનુ શેખ મોહમદ અનિશ મોહમદ રફીક જન્મના પ્રમાણપત્રમાં જે નામ દર્શાવેલી હોય, તે નામ અંગેની ખરી સાબિતી ગણાય. આથી, અરજદારનુ '' શેખ મોહમદ અનિશ મોહમદ રફીક હોવાનું તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી સાબિત થાય છે.

(૧૦) આ ઉપરાંત આ કામે સામાવાળા નં.૬ નાએ આંક.૯ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી, તેમની સ્કુલના જનરલ રજીસ્ટરની ની સહી સિકકાવાળી નકલ આંક–૭ થી રજુ કરેલ છે તથા સામાવાળા નં.૧ નાએ આંક–૨ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી, તેમની સ્કુલના જનરલ રજીસ્ટરની નોંધ નં.૨૬૪૩ ની સહી સિકકાવાળી નકલ આંક–૬ થી રજુ કરેલ છે તથા સામાવાળા નં.૨ નાએ આંક–૦૯ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી, તેમની સ્કુલના જનરલ રજીસ્ટરની નોંધ નં.૨૬૪૩ ની સહી સિકકાવાળી નકલ આંક–૧૦ થી રજુ કરેલ છે અને અરજદારની માંગણી મુજબ નામ.કોર્ટ પુરાવાના આધીન એલ.સી.માં જરૂરી સુધારો કરવાનો નિર્ણય કરે તો તેમાં તેઓને કોઈ વાંધો નથી તેમ જણાવેલ છે. આમ, ઉપરોકત સ્કુલોના રજુ થયેલ જનરલ રજીસ્ટરોમાં અરજદારનુ શેખ મોહમંદ અનિશ મોહંમદ રફીક જણાવેલ છે. જયારે સામાવાળા નં.૬ તરફે અબ્દુલકાદર નજરમોહમદ બોલચ, જન્મ–મરણ નોંધણી અધિકારીએ આં ક–૦૯ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરી, અરજદારનુ શેખ મોહમંદ અનિશ મોહં

મદ રફીક સાચુ નામ હોવાનું પ્રિન્સીપાલ મખદુમ હાયર સેકન્ડરી સ્કુલ મોડાસા તા.૧/૭/૨૦૦૩ થી તા.૧૬/૫/૨૦૦૫ સુધી અભ્યાસ કરેલ છે જનરલ રજીસ્ટરમાં નોંધ નં.૨૬૪૩ ના રોજ નોંધાયેલ છે જે જનરલ રજીસ્ટરના પાના નં.૨૬૪૩ માં તેની નોંધ થયેલ છે તેમ જણાવી, અરજદારનુ શેખ મોહંમદ અનિશ મોહમંદ રફીક નું જન્મનું પ્રમાણપત્ર આંક- ૧૬ થી રજુ કરેલ છે જેથી અરજદારની પૂત્રી શેખ મો.અનિશ એમ.રફીક લીવીંગ સર્ટી.માં નામ શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીક મુજબ અરજદારની માંગણી મુજબ નામમાં સુધારો કરવામાં આવે તો તેઓને કોઈ વાંધો નથી તેમ જાહેર કરેલ છે.

આમ, આ કામે સામાવાળાઓ તરફે અરજદારની માંગણી મુજબ અરજદારનુ શેખ મો.અનિશ મોહંમદ રફીક નામમાં સુધારો કરવા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. વધુમાં આ કામે અરજદાર તરફે ન્યુઝ લાઈન સીધા સમાચાર દૈનીક વર્તમાનપત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે વર્તમાનપત્રની એક પ્રત આંક-૨૨ થી આ કામે રજુ થયેલ છે. પરંતુ, આ કામે કોઈ વાંધા રજુ થયેલ નથી.

**(૧૧)** આમ, આ કામે સામાવાળા તરફથી રજુ થયેલ પુરાવો વંચાણે લેતા, સામાવાળા નં.૬,૯ નાઓએ તેમની સ્કુલના જનરલ રજીસ્ટરમાં નોંધ થયા મુજબ અરજદાર શેખ મોહમંદ અનિશ મોહંમદ રફીક ની હોવાનું જણાવી, અરજદારની માંગણી મુજબ નામમા સુધારો કરવામાં આવે તો તેઓને વાંધો તકરાર નથી તેમ જણાવેલ છે. વધુમાં આ કામે અરજદાર તરફે રજુ કરેલ નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો તથા ગુજરાત સેકન્ડરી એજયુ.રેગ્યુલેશનની જોગવાઈઓ ધ્યાને લેતાં, કલમ-૧૨ (એ)(૬) નાં પરંતુક મુજબ ''જરૂરી પુરાવાનાં આધારે મેજીસ્ટ્રેટ તપાસ કરીને વિદ્યાર્થીની સાચી જન્મ તારીખ અંગેનું પ્રમાણપત્ર

આપી શકે છે.'' આમ,કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, તલાટી કમ મંત્રી ટીટોઈ ગૃપ ગ્રામ પંચાયત ના જન્મ નોંધણી રજીસ્ટરનો ઉતારો તથા અરજદારના શેખ મો.અનિશ મો.રફીક ના જન્મ નોંધણીના પ્રમાણપત્ર મુજબ અરજદારની શેખ મો.અનિશ મો.રફીક હોય જે અંગે અરજદારે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, અરજદારન શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીક હોવાનું ફલીત થાય છે. તેમજ અરજદારની ટીટોઈ ગૃપ ગ્રામ પંચાયતનો જન્મ નોંધણીનો ઉતારો તથા જન્મનું પ્રમાણપત્ર ખોટા હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી, અરજદારની સોગંદ ઉપરની જુબાનીની હકીકતો નહીં માનવાને કોઈ કારણ નથી. આથી, તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, અરજદારનુ શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીક સાચુ નામ હોવાનું પુરવાર થતુ હોય, મુદા નં .૧,૨ નો જવાબ હકારમાં આપી, ન્યાયનાં હિતમાં મુદા નં.૩ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

૧. અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે, અરજદાર :- શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીક ની સાચુ નામ '' શેખ મોહંમદ અનિશ મોહંમદ રફીક '' સાચુ નામ હોવાનું તમામ પુરાવાથી સાબિત થતુ હોય,અરજદારનુ SHAIKH MO.ANISH M.RAFIK નુ ખોટુ અને ખરુ નામ '' SHAIKH MOHAMMAD ANISH MOHAMMAD RAFIK '' તથા અરજદાર: લીવીગસર્ટી MUSALMAN GHANCH લખાયેલ છે એની જગ્યાએ '' MUSALMAN SIPAI '' હોવાનું જાહેર કરવામાં આવે છે અને તે મુજબ આ કામના સામાવાળા નં.૧ નાઓની સ્કુલના રેકર્ડમાં સુધારો કરી

અરજદારને તે મુજબનું સુધારેલુ નવુ ફ્રેશ લીવીંગ સર્ટીફીકેટ વિનામુલ્યે ઈસ્યુ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ અરજીના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૦૯મી, માહે :૨૦૨૬, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૯/૦૪/૨૦૨૬
સ્થળ :મોડાસા

(એસ. આર. શર્મા)
એડીશ્નલ જ્યુડી.મેજી.ફ.ક.
મોડાસા.
જજ કોડ–જીજે૦૧૫૭૧